# સ્વાતંત્ર્યોતર ગુજરાતી કવિતામાં દલિત ચેતના

ગીતા લાખાભાઈ ઓડેદરા
ક્રિષ્નાપાર્ક, ચોવટિયા વાડી,
એન.પી. કોલેજ રોડ, તા.કેશોદ જિ.જૂનાગઢ

ગુજરાતી સાહિત્યના અનુઆધૂનિક યુગમાં દલિત સાહિત્ય એક નવી ભૂમિકા સાથે પ્રગટેલો અવાજ છે. સાહિત્ય સમાજની આરસી છે. તેમ કહેવાય છે. સાહિત્યમાં જીવનનું પ્રતિબિંબ પડતું હોય છે. એથી જ સાહિત્યને સમાજમાં દર્પણ તરીકે જોવાય છે. સાહિત્ય અને સમાજનો સંબંધ અવિભિન્ન છે. આમ છતાં એક વાસ્તવિકતા એ છે કે વર્ષોથી એક સમાજના વર્ગ વિશે લખાયું ન હતું. આ એક સામાજિક સમસ્યા તરીકે જોઈ શકાય છે. ભારતીય સંસ્કૃતિ પ્રાચીન સંસ્કૃત છે. જયાં માનવને સર્વોપરિ ગણવામાં આવ્યો છે. જયાં સહવિકાસ અને સહજીવનની સંવેદના વ્યકત થઈ છે. આમ છતાં એ જ સંસ્કૃતિમાં અંધારી ઊંડી ખીણોની કલંક કાલિમાં વારસામાં મળી છે. ભારતીય સમાજમાં દલિતો ઉપ અમાનુષિ અત્યાચારનો આતંક ચાલુ રહેલો. વર્ણવ્યવસ્થાએ આ કચરાયેલાં વર્ગને સૌથી નિમ્નકક્ષાનો દરજજો આપ્યો. દલિત સમાજને અછૂત અને અલગ બનાવ્યો શિક્ષણ સમાજ અને સંપતિથી અલગ રાખ્યો તેને દબાવવામાં આવ્યો તેનો તિરસ્કાર થયો તેને એક માણસ તરીકે પશુ જેવી જિંદગી જીવવા માટે મજબૂર કર્યો.

દલિતોની આવી સ્થિતિ ડૉ. બાબા સાહેબે અવાજ ઉઠાવ્યો અને તેમણે ક્ષમતા અને સમાનતા માટે કાર્ય કર્યું. દબાયેલા વર્ગમાં ધીરે–ધીરે નવજાગૃતિ આવવા લાગી ચેતના વ્યાપી. પ્રતિશોધની ભાવનાં પ્રજામાં જાગૃત થઈ. ભારતમાં રાજકિય આઝાદાની ચળવળ સાથે ડૉ. આંબેડકરે સામાજિક આઝાદીનું આંદોલન પણ ચલાવ્યુ. દલિત સાહિત્ય આ યુગનો પ્રાર્દુભાવ છે. આ યુગ નવજાગૃતિની આબોહવામાં દલિત સાહિત્યનો જન્મ થયો. આઝાદી પછી અનામતના મુદ્દે ફરી વર્ગ વિદ્રોહો શરૂ થયા. અનામત વિરોધી આંદોલનો અને તેની સામે નવજાગૃતિનો પડકાર હતો. ૧૯૭૫ ની આસપાસ આ વૈમનસ્ય અનામત વિરોધી હુલ્લડોમાં પરિવર્તિત થયું. ગુજરાતમાં ૧૯૮૧ અને ૧૯૮૫ માં દલિત, દરિદ્ર અને કબજ પ્રજા પર વર્ણવાદી લોકોએ જાતિવાદી હિંસક હુમલાઓ કર્યા. અભાવથી પીડાતી પ્રજા તેનો ભોગ બની પરિણામે દલિત પ્રજામાં વેદના અને ચેતનાનો ચિત્કાર જાગી ઊઠયો. ઘણા સુજ્ઞ સર્જકો બહાર આવ્યા અને ગુજરાતી સાહિત્યમાં કવિતારૂપે એમનો આક્રોશ પ્રગટ થવા લાગ્યો.

આ સમયગાળા પહેલાં દલિત સંવેદનાને વ્યકત કરતું સાહિત્ય મળ્યું છે. ઝવેરચંદ મેઘાણી, ઉમાશંકર જોષી, સુંદરમ્, રા.વી. પાઠક, જેવા સાહિત્યકારોના સર્જનમાં દલિત સંવેદના પ્રગટ થઈ પરંતુ એ યાદ રાખવું જોઈએ કે અહીં માત્ર સહાનુભૂતિ સુધી જ દલિત સંવેદના પ્રગટ થઈ છે. સમસંવેદના કે નિભિત અનુભૂતિ રૂપે વેદના, યાતના, વગેરેને વ્યકત થવાનું બન્યું નથી. આથી ૧૯૭૫ પછી દલિત સાહિત્ય પ્રગટ થયું તેમ કહી શકાય. હર્ષદ ત્રિવેદી કહે છે – "દલિત સાહિત્ય દલિત ચેતનાને પ્રગટાવતું હોવું જોઈએ. સાથો સાથ સાહિત્ય પણ બનવું જોઈએ કશું અલગ નહિ પણ એક રસાયણની રીતે પ્રગટતું હોવું જોઈએ." દલિત શબ્દની વ્યુત્પતિ સંસ્કૃત શબ્દ 'પ્રલ ' માંથી થઈ છે. જેનો એક અર્થ ' દળી નાખવું', ટુકડા કરવા', 'વિંધી નાખવું' એવો થાય. ગુજરાતી સાહિત્યમાં પ્રથમ વખત ઝવેરચંદ મેઘાણી 'યુગ વંદના' કાવ્યગ્રહ માં ઈ.સ. ૧૯૩૫ માં સૌ પ્રથમ

સાહિત્ય સંદર્ભે 'દલિત' શબ્દ પ્રયોજાયેલો. "અમે કંટકનો પુનિતતાર પહેરી સીર પરે, આજ પીડિત દલિતનું રાજ સ્થાપવા આવ્યા." અહીં સૌ પ્રથમ કવિતામાં દલિત શબ્દનો પ્રયોગ થયેલો છે.

આધુનિક યુગચેતનાને ઢંઢોળતી, પ્રસ્થાપિત મૂલ્યોનો ઈન્કાર કરતી, દલિત અસ્તિત્વની અશ્મિતાની સંવેદના પ્રગટ કરતી સ્વાનુભૂત યાનાની સચ્ચાઈપૂર્ણ વિદ્રોહી અભિવ્યકિત એટલે દલિત સાહિત્ય, દલિત સાહિત્ય એક વર્ગ કે એક વર્ણનું સાહિત્ય નથી. પરંતુ આ ધરતી પર જયાં જયાં પિડીત શોષિત સમાજ હોય તેની સાથે ચૈતસિક અને ભાવાત્મક ઐકય રચી આપે છે. ૧૯૭૫ ની આસપાસથી ગુજરાતી સાહિત્યમાં દલિત સંવેદના પ્રગટવાનું શરૂ થયું ૧૯૮૧ થી લોકાયતનું સંસ્થાના ઉપક્રમે દલિત કવિતા નામે એક સંચય પ્રગટ થયો. જેમા ૬૩ કવિની ૧૩૯ કવિતા સંપાદિત કરવામાં આવી હતી. દલપત પરમાર અને મનિષિ જાનીએ તેનું સંપાદન કરેલું અને પછી ધીમે—ધીમે કેટલાંય કવિઓએ પોતાનાં સંગ્રહો આપ્યા. દલિત કવિતા પ્રારંભમાં મરાઠી કવિતાથી અનુપ્રાણિત હતી. એ.બી. પંડયાનો કાવ્ય સંગ્રહ 'ચિંગારી' ગુજરાતી દલિત કવિતાનો પ્રથમ કાવ્યસંગ્રહ છે. તો કેટલાંક સંપાદનો પણ થયાં છે. 'વિસ્ફોટ','અસ્મિતા','એકલવ્યનો અંગૂઠો' અને 'દદુંભિ' નામે થયેલાં સંપાદનોમાં દલિત કવિતા પ્રગટ થઈ છે. કેટલાક મહત્વનાં કાવ્યસંગ્રહની નોંધ કરીએ તો,

— 'કેસરિયા તસરનું આકાશ',—મધુકાન્ત
— 'બળાત્કાર'—સુરેશ બારિયા
— 'યાયાવરી'—શ્યામ સાધુ
— 'કયાં છે સૂરજ'? દલપત ચૌહાણ
— વ્યથા પચ્ચીસી— સાહિલ પરમાર
— બેયોનેટ — પ્રવિણ ગઢવી
— પ્રથમપદ— હરિશ મંગલમ્
— 'બહિષ્કૃત'— ડૉ. પથિક પરમાર વગેરે મુખ્ય છે. ગુજરાતી દલિત કવિતા અત્યંત આક્રોશપૂર્વક દલિત ચેતનાને પ્રગટાવનારી છે.
— "હવે આકાશ માંગે છે. નવેસર આગના અક્ષર, નવા તોફાન થી સજ્જીત, જીવનના રાગના અક્ષર"
— "આખું નગર જો સળવળે તું ન્યાય કરં, રાખ્યા દલિતને પગ તળે તું ન્યાય કર"
— " પ્હાડો વચ્ચેથી નિકળી, નગરમાં આવશું, એ ભય હજી તમને, નગરનો શ્વેત સૂરજ ધૂળથી ખરડાવશો, એ ભય હજી તમને.

દલિતો પર થયેલા અત્યાચારો પદ્યદેહે સચવાયા છે. એ દસ્તાવેજો સમાચારોમાં ઢંકાઈ ગયા છે. પણ કવિતામાં ઉઘાડેછોગ નોંધાયેલા રહેવાના. " બાબા ભીમરાવે અમને એકડો ભણાવ્યા...." વંદન છે. ભીમરાવ...'વગેરે ગીતો લોકસમુદાયમાં ઉન્નત વિચારો પહોંચાડવા માટે ખપમાં આવે છે.'જાગજો રે જાગજો', 'જાગો નવજુવાનો' અવાજ પ્રેરક કાવ્ય છે. ગાંધીજીએ પોતાનો આગામી જન્મ ભારતના વાલ્મિક કુટુંબમાં ઝંખ્યો હતો. જો, આમ થાય તો શું થાય ? તેનુ રસપ્રદ ચિત્ર 'આવનારો યુગ હવે આપણો....' કાવ્યમાં મળે છે. તો નાનકડા રૂપકો સરળતાથી સંદેશ પહોંચાડે છે. "ક્રાંતિનો નાદ" ની આ પંકિત જુઓ.
— મળી સળીઓની નાત, બની ઝાડુની જાત, રાખી કાયમ પછાત, હવે રહેશે નહીં ! કદી રહેશે નહીં !
"વેઠિયો મજૂર" જેવી કવિતા સામાજિક બહિષ્કૃત જ નહિ પણ વ્યાપક સર્વહારાનો નિર્દેશ કરે છે.

Vol. 1, Issue:5, August 2013
(IJRSML) ISSN: 2321 - 2853

કાયદાઓ કરનાર ને તોડનારા કોણ છે ? ગરીબોના દેશમાં ગરીબો તો ગૌણ છે.

સવર્ણ માનસિકતા ખૂણે ખાંચરે તો પડી જ છે. હવે એમને 'બીસાં' કહેવામાં આવે છે. કવિએ 'સુધરેલી અસ્પૃશ્યતા' માં આ સ્થિતિ વર્ણવી છે. રાજકારણની ચરમસીમાએ ચૂંટાયેલો અનામતીયો નેતા આ સુધરેલી અસ્પૃશ્યતાનો ભોગ તેનાં મત વિસ્તારમાંજ બનતો આવ્યો છે. આધુનિકતાના ગાળામાં પ્રિયકાન્ત મણિયારે 'એ લોકો' શીર્ષક ની કવિતામાં મૂડીવાદી શોષણ નીતિને કાવ્યરૂપ આપ્યું હતું. ત્યાર પછી મૂડીવાદી અર્થનીતિ એ બચવા માટે ધર્મકેન્દ્રિત રાજનીતિની દિશામાં, ફાંસીવાદી દિશામાં ગતિ કરી છે. શંકર પેન્ટર 'એ લોકો' શીર્ષકની કવિતામાં આ ફાંસીવાદને આલેખે છે ! લઘુમતીઓને 'હાથા' બનાવતી રાજનીતિને ઊઘાડી પાડે છે! ગામના રામમંદિરમાં એ લોકો તને તેનો ઓટલોજ ચઢવા દેતા નથી, પાંહેય ઢૂંકવાય દેતા નથી! તારા પડછાયાના ભયથી. જયારે અયોધ્યા માટે અથડાવી દેવા તારા માથે કેશરીયા કફન બાંધે છે ! અદકેરા વ્હાલથી ગામ કૂવાના થાળા પરથી એ લોકો તને ટીપુ પાણી પણ કાઢવા દેતો નથી. જયારે રામશીલા ને ગંગાજળની બાટલીઓ બઝાડી પૂજન કરાવી તારી પાસેથી પૈસા પડાવે છે !! વિભિન્નનેતાઓ દ્વારા થતા શોષણને કવિ અને પોતાની કવિતામાં આલેખ્યું છે! કવિએ 'સુધરેલી અસ્પૃશ્યતા'માં આ સ્થિતિ વર્ણવી છે.

"રાજકરણની ચરમસીમાએ ચૂંટાયેલા અનામતીયો નેતા આ સુધરેલી અસ્પૃશ્યતાનો ભોગ તેના મત વિસ્તારમાંજ બનતો આવ્યો છે. ગજવામાં ગ્લાસ ઘાલીને ! વાળ કપાવવા નજીકના શહેરે જઈને ! પછી છેવાડે છાણ માટીના ખોરડામાં રહેતા કાળા દુબળા મહેન કશ માનવી પર તો શું શું નહી વીતતું હોય! "

આથીજ દલિતો વચાળેના દલિતો સાથે એકતા ઝંખે છે. 'તું અને હું' કવિતા એનું ઉદાહરણ છે ! આ ઉપરાંત ઘણા કવિઓએ પોતાની વેદનાને છંદોબધ્ધ રીતે વ્યકત કરી છે! ' બાળમજૂરી' નામના સોનેટમાં કવિ પૂનમચંન્દ્ર પરમાર 'વસંતતિલકા' છંદમાં ખૂબ પ્રવાહી રચના રચી, પોતાની અનુભતને શબ્દબધ્ધ કરતા આ કાવ્યા પંકિતઓ રચે છે ત્યારે તેમના શબ્દમાં ટપકતી નિસબતની વેદના ભાવક મનમાં સંક્રાંત થાય છે અને ભાવને મૂળસોતાક ઘડીક હલબલાવી મૂકે છે. " છે નોંણી જનમમાં, બસ નામ કેરી, બાકી થતી મરણમાં, બસ નોંધ પૂરી." 'બાળમજુર' ની સંવેદનાને વ્યકત કરતા કવિ પોતાનું ભાવવિશ્વ, પોતાની સંવેદનાની સીમાઓ વધુ વિસ્તારને છે. એ જોવા જેવું છે.

આ રીતે વિભિન્ન દલિત અને બિનદલિત કવિઓએ પોતાની કવિતામાં પોતાનો 'દલિત–ભાવ' વ્યકત કર્યો છે. આ રીતે દલિત ચેતના ગુજરાતી કવિતામાં પ્રગટથાય છે. તેમા ન્યાય માટે આક્રોશ વિદ્રોહનો સૂર સંભળાયા વિના નથી રહેતો. આજે પથિક પરમાર નિલેશ પાઠક, નિવવોરા, પ્રવિણ ગઢવી, હરજિવન દાકતર, સરૂપ ધ્રુવ અને તેના જેવા અનેક કવિઓ કલમ ચલાવી રહ્યો છે.